## ખુરદી ગામે પોલીસને જોતા જ જુગારીઓ જંગલ ભણી દોડ્યા!

**ડુંગર** પર ચાલતા જુગારધામ પર એલ.સી.બી.નો દરોડો, 60 હજારનો મુદ્દામાલ જપ્ત

**ત્રણ** જુગારીની અટકાયત, ચાર ફરાર થઈ ગયા

વ્યારાઃ તાપી એલ.સી.બી.ના હેડ કોન્સ્ટેબલ વિનોદભાઈ પ્રતાપભાઈ અને તેમની ટીમને બાતમી મળી હતી કે, વ્યારાના ખુરદી ગામના ચૂલા ફળિયા પાસે આવેલા ડુંગર પર કેટલાક ઈસમો પૈસા વડે હાર-જીતનો જુગાર રમી રહ્યા છે.

આ બાતમીના આધારે પોલીસે પંચોને સાથે રાખી 6 એપ્રિલે બપોરે રેઈડ કરતાં જુગારિયાઓમાં નાસભાગ મચી ગઈ હતી. પોલીસે સ્થળ પરથી ગોવિંદભાઈ ખીમજીભાઈ મકવાણા (રહે., ખુરદી), રમેશભાઈ રમણભાઈ ગામીત (રહે., ખુરદી) અને જિતેન્દ્રભાઈ ગનજીભાઈ ગામીત (રહે., લખાલી)ને ઝડપી લીધા હતા. પોલીસ કાર્યવાહી દરમિયાન સ્થળ પરથી અને પકડાયેલા આરોપીઓની અંગજડતી લેતા કુલ રૂ.12,670 રોકડા, રૂ.8,000ની કિંમતના 2 નંગ મોબાઈલ ફોન અને રૂ.40,000ની કિંમતની 2 હીરો સ્પ્લેન્ડર મોટરસાઈકલ મળી કુલ રૂ.60,670નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે. આ રેઈડ દરમિયાન બ્રીજેશભાઈ બહાદુરભાઈ ગામીત (રહે., ખુરદી), પરેશભાઈ જાનીયાભાઈ ગામીત (રહે., ખુરદી), બીપીનભાઈ ગામીત (રહે.,કપડવણ) અને મિતુલભાઈ હરિલાલભાઈ ગામીત (રહે., ખુરદી) જંગલ વિસ્તારમાં નાસી છૂટ્યા હતા. જેમને પોલીસે વોન્ટેડ જાહેર કર્યા છે.

## હાંસોટમાં પાવર ગ્રીડ લાઈનનું કામ રોકી વિરોધઃ સમાન વળતરની માંગ

**ખેડૂતોની** સંપાદિત જમીનના સમાન વળતરની માંગ, ભરૂચ જિલ્લામાં અલગ માપદંડ

**માંગણી** પૂરી નહીં થાય ત્યાં સુધી કામ આગળ નહીં વધેઃ ખેડૂતો



પ્રવીણ તેરૈયા

અંકલેશ્વરઃ હાંસોટ પંથકમાં પાવર ગ્રીડ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા દ્વારા હાઈટેન્શન લાઈન નાખવાની કામગીરીનો ખેડૂતોએ ઉગ્ર વિરોધ કર્યો છે. ઈલાવ ગામ સહિતના વિસ્તારોમાં 100થી વધુ ખેડૂતોએ એકઠા થઈ કામગીરી અટકાવી દીધી હતી. યોગ્ય વળતરની માંગ સાથે થયેલા આ વિરોધને પગલે સ્થિતિ તંગ બનતા પોલીસ કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. ખેડૂતોનો આક્ષેપ છે કે પાવરગ્રીડ લાઈન માટે સંપાદિત કરવામાં આવતી જમીનનું વળતર બજાર ભાવ મુજબ આપવામાં આવતું નથી. ખેડૂતોએ સરકારની નીતિ સામે સવાલ ઉઠાવતા જણાવ્યું હતું કે, જો સરકાર સમાન નાગરિક ધારા (UCC) દ્વારા સમાન હકની વાત કરતી હોય, તો જમીન ગુમાવનાર ખેડૂતોને પણ રાજ્યના અન્ય જિલ્લાઓની સરખામણીએ સમાન વળતર મળવું જોઈએ. ખેડૂતોના જણાવ્યા અનુસાર, અન્ય જિલ્લાઓમાં સમાન પ્રોજેક્ટ માટે વધુ વળતર ચૂકવાયું છે, જ્યારે ભરૂચ જિલ્લામાં અલગ માપદંડો રાખી અન્યાય કરવામાં આવી રહ્યો છે. લાંબા સમયથી ચાલી રહેલી રજૂઆતોનું નિરાકરણ ન આવતા આક્રોશિત ખેડૂતોએ કામ બંધ કરાવી દીધું હતું. વિરોધ પ્રદર્શનને પગલે સ્થળ પર ઘર્ષણ જેવી સ્થિતિ સર્જાતા પોલીસ બોલાવવાની ફરજ પડી હતી. હાલ પોલીસે દરમિયાનગીરી કરી સ્થિતિ નિયંત્રણમાં લીધી છે, પરંતુ ખેડૂતોએ સ્પષ્ટ ચીમકી આપી છે કે જ્યાં સુધી તેમની માંગણીઓ સંતોષવામાં નહીં આવે ત્યાં સુધી પાવરગ્રીડનું કામ આગળ વધવા દેવામાં આવશે નહીં.

ચૂંટણીના માહોલ વચ્ચે ખેડૂતોનો આ આક્રોશ વહીવટી તંત્ર માટે ચિંતાનો વિષય બન્યો છે. હવે જોવાનું એ રહેશે કે તંત્ર આ વિવાદનો ઉકેલ ક્યારે અને કેવી રીતે લાવે છે.

### ખેડૂતોની મુખ્ય માંગણીઓ

જમીનનું વળતર કોમર્શિયલ જંત્રી મુજબ સંપૂર્ણપણે ચૂકવવામાં આવે.

વળતર નક્કી કરવા માટે 'માર્કેટ રેટ કમિટી'ની રચના કરવામાં આવે. આ કમીટીમાં ખેડૂત પ્રતિનિધિઓને સામેલ કરી પારદર્શક નીતિ અપનાવવામાં આવે. રાજ્ય સ્તરે વળતરના માપદંડોમાં રહેલી અસંગતતા દૂર કરવામાં આવે.

## કામરેજમાં ઉછીના રૂપિયા ન આપતાં યુવાનને કાનમાં બચકું ભર્યું

**ગંભીર** રીતે ઘવાયેલા ટાઈલ્સના કારીગરને સુરત સિવિલમાં ખસેડાયો

**હુમલાખોર** ટોળકી સામે પોલીસ ફરિયાદ

કામરેજઃ પાસોદરા પાટિયા પાસે રહેતા યુવાને રૂપિયા ઉછીના ન આપતાં ત્રણ ભાઈઓ સહિત ચાર યુવાને ભેગા મળી માર મારી કાનમાં બચકું ભરી લીધું હતું.

મધ્યપ્રદેશના મુરૈના જિલ્લાના ધીરવલકાપુરા ગામના વતની અને હાલ કામરેજના ખોલવડ ગામે લક્ષ્મીપાર્ક સોસાયટીની બાજુમાં આવેલા માધવ ડેરીની ઉપર ભાડાના મકાનમાં રહીને ટાઈલ્સનું કામ કરતો પવિન્દ્ર ઉર્ફે પવન રાજુસિંહ તોમર (ઉં.વ.31)ને બે દિવસ અગાઉ બાજુની રૂમમાં રહેતા બંટી કુશ્વાહાએ રૂમ પર બોલાવી સાથે કામ કરતો સોનુ બચનસિંહ જાદોન, સુમીત બચનસિંહ જાદોન અને ક્રિષ્ના બચનસિંહ જાદોન પણ હાજર હતા. ત્યારે સુમીત અને ક્રિષ્નાએ ઉછીના રૂપિયા માંગતાં રૂપિયા આપવાની પવને ના પાડી દેતાં રૂમનો દરવાજો બંધ કરી બંટીએ પાછળથી પકડી રાખી સુમીતે વેલણથી છાતીના ભાગે તેમજ ક્રિષ્ના માર મારવા લાગ્યો હતો. સોનુ જાદોને જમણા કાન પર મોંથી બચકું ભરી લેતાં લોહીલુહાણ થઈ ગયો હતો. આથી હલધરૂ ખાતે રહેતા ભાઈને જાણ કરતાં તુરંત જ કામરેજ ખાતે દોડી આવી ખાનગી વાહનમાં બેસાડી કામરેજ સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા.

બાદ વધુ સારવાર માટે સુરત નવી સિવિલ હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો હતો. આ અંગે કામરેજ પોલીસ મથકમાં પવનના ભાઈએ સોનુ જાદોન, ક્રિષ્ના જાદોન, સુમીત જાદોન અને બંટી કુશ્વાહા સામે પોલીસ ફરિયાદ નોંધાવી હતી.

## સંક્ષિપ્ત સમાચાર

### પલસાણામાં ડાઈંગ મશીનનું ગરમ પાણી પડતાં શ્રમિક ગંભીર રીતે દાઝ્યો

પલસાણાઃ પલસાણામાં આવેલી એક ખાનગી કંપનીમાં કામ દરમિયાન એક મોટી દુર્ઘટના સર્જાઇ હતી. પલસાણા ગામમાં મેઘાપ્લાઝાની સામે આવેલી ઓમ એન્ટરપ્રાઇઝ કંપનીમાં ગત સાંજે ડાઈંગ મશીન પાસે કામ કરી રહેલા ૨૨ વર્ષીય કિશનકુમાર પ્રવિણકુમાર ગૌતમ નામના યુવક પર મશીનનું અત્યંત ગરમ પાણી પડતાં તે ગંભીર રીતે દાઝી ગયો છે. ઘટનાની જાણ થતાં જ આસપાસના લોકો દોડી આવ્યા હતા અને ઇજાગ્રસ્ત યુવકને તાત્કાલિક સારવાર અર્થે ખસેડવામાં આવ્યો હતો. પલસાણા પોલીસે આ મામલે જાણવાજોગ નોંધ કરી એ.એસ.આઇ. ચન્દ્રદિપભાઈ દ્વારા તપાસ હાથ ધરી છે.

### અંકલેશ્વરમાં રંગ ઈન્ટરનેશનલ સ્કૂલના ત્રીજા વાર્ષિકોત્સવની ઉજવણી કરાઈ



ભરૂચઃ અંકલેશ્વર ખાતે આવેલી રંગ ઈન્ટરનેશનલ સ્કૂલના સ્થાપના દિવસ નિમિત્તે આયોજિત ત્રીજા વાર્ષિકોત્સવ 'બ્યૂટીફુલ બચપન'ની ઉજવણી અનોખા વાતાવરણમાં સંપન્ન થઈ હતી. આ અવસરે રાજ્યના જળ સંપત્તિ અને પાણી પુરવઠા વિભાગના મંત્રી ઈશ્વરસિંહ પટેલ મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. સાથે જ પૂર્વમંત્રી ખુમાનસિંહ વાંસિયા, પારુલ યુનિવર્સિટીના વાઈસ પ્રેસિડેન્ટ ડો. પારૂલ પટેલ,સેવાભાવી મનોજભાઈ આણંદપુરા સહિત વિશિષ્ટ મહાનુભાવો તરીકે ઉપસ્થિત રહ્યા હતા. વાર્ષિકોત્સવ દરમિયાન શૈક્ષણિક અને સહ-શૈક્ષણિક ક્ષેત્રે ઉત્કૃષ્ટ પ્રદર્શન કરનાર વિદ્યાર્થીઓને સન્માનિત કરવામાં આવ્યા. રાષ્ટ્રીય, રાજ્ય અને જિલ્લા કક્ષાની વિવિધ સ્પર્ધાઓમાં વિજેતા બનેલા વિદ્યાર્થીઓને ટ્રોફી આપી તેઓને આવકાર્યા હતા.

### પુના ગામે વાન અડફેટે વૃદ્ધ ઘાયલ

માંડવીઃ માંડવીના પુના ગામના પટેલ ફળિયામાં રહેતા ૭૦ વર્ષીય ઈશ્વરભાઈ ધનજીભાઈ ચૌધરી TVS મોપેડ નં.( GJ-05-EK-664 ) લઈ ખેતરે જઈ રહ્યા હતા. દરમિયાન માંડવી તરફથી આવતી ઈકો વાન નં.( GJ-5-CW-9135 )ના ચાલક સુનીલભાઈ પ્રેમજીભાઈ સરવૈયા ( રહે., કામરેજ ચાર રસ્તા, નવાગામ, કામરેજ )એ ગફલતભરી રીતે વાન હંકારી ઈશ્વરભાઈની મોપેડને સામેથી ટક્કર મારી હતી. આ અકસ્માતમાં ઈશ્વરભાઈને ઈજા પહોંચતાં તાત્કાલિક માંડવી સરકારી હોસ્પિટલ અને ત્યારબાદ વધુ સારવાર માટે બારડોલીની ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. શરૂઆતમાં બંને પક્ષ વચ્ચે સમાધાનની વાતચીત ચાલી રહી હતી, પરંતુ અંતે કોઈ નિરાકરણ ન આવતાં ઈજાગ્રસ્તના પુત્ર હેમંતભાઈએ માંડવી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. પોલીસે ઈકો ચાલક વિરુદ્ધ વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### તાંતીથૈયા ગામે લાફા મારનાર સામે ત્રણ મહિના બાદ ગુનો નોંધાયો

પલસાણાઃ પલસાણાના તાંતીથૈયા ગામે આવેલી શુભ લક્ષ્મી બિલ્ડિંગ પાસે ગત ૪ જાન્યુઆરીના રોજ બિલ્ડિંગ ઇન્ચાર્જ તરીકે ફરજ બજાવતા શૈલેન્દ્રકુમાર મિશ્રા સાથે બોલાચાલી થઈ હતી. વિઠ્ઠલભાઇ બોરાણીયા નામના શખ્સે અચાનક ઉશ્કેરાઈ જઈ શૈલેન્દ્રકુમારને ગાલ પર ચાર-પાંચ તમાચા મારી દીધા હતા. હુમલાખોરે જાહેરમાં ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી અને ત્યાંથી ફરાર થઇ ગયો હતો. આ ઘટના અંગે ભોગ બનનારે ત્રણ મહિના બાદ ૬ એપ્રિલે કડોદરા જીઆઈડીસી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. પોલીસે આરોપી વિરુદ્ધ ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી છે.

### મહુવામાં ૧૬ વર્ષની સગીરાનું અપહરણ

અનાવલઃ મહુવા તાલુકાના કોદાદા ગામના તળાવ ફળિયામાં એક ૧૬ વર્ષીય સગીરાનું અપહરણ થતાં સગીરાની માતાએ મહુવા પોલીસ સ્ટેશનમાં અજાણ્યા શખ્સ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી. પલસાણામાં નોકરી કરી પરિવારનું ગુજરાન ચલાવતી મહિલાની ૧૬ વર્ષ અને ૫ માસની દીકરી એન્જલ છેલ્લા એક મહિનાથી કોદાદા ગામે પિતા સાથે રહેતી હતી. ગત ૫ એપ્રિલે વહેલી સવારે ૮ વાગ્યાના સુમારે પરિવારજનોએ જોયું તો એન્જલ જોવા મળી ન હતી. સગા-સંબંધીઓ અને આસપાસના વિસ્તારોમાં શોધખોળ કરવા છતાં તેનો કોઈ પત્તો ન મળતાં પરિવારજનોને આશંકા છે કે કોઈ અજાણ્યો શખ્સ બદઈરાદાથી સગીરાને લલચાવી-ફોસલાવી કાયદેસરના વાલીપણામાંથી અપહરણ કરી લઈ ગયો છે. આ મામલે પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. આ કેસની તપાસ પોલીસ ઈન્સ્પેક્ટર અરવિંદભાઈ કાનજીભાઈ પટેલ ચલાવી રહ્યા છે.

### રાજપારડી ખાતે ટેમ્પોમાં 16 બકરાંને ક્રૂરતાપૂર્વક લઈ જતાં બે ઝડપાયા

ભરૂચઃ રાજપારડી પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગ દરમિયાન પોલીસને એક આઇસર ટેમ્પો ( નં. GJ 18 BT 5034 ) માં 16 બકરાંને ગેરકાયદે અને અતિ ક્રૂરતાપૂર્વક લઈ જવાની બાતમી મળી હતી. પોલીસે હોટલ સહયોગ પાસે વોચ ગોઠવીને ટેમ્પો રોકાવ્યો હતો. તપાસમાં જણાયું કે બધા બકરાંને ટૂંકા દોરડાથી ગળામાં બાંધી, ખીચો-ખીચ ભરી દીધા હતાં. ઘાસચારાની, પાણીની, હવા-ઉજાસની કોઈ વ્યવસ્થા કરવામાં આવી ન હતી. તળિયે માટી પણ નહોતી, અને કોઈ મેડિકલ સાધનોની સુવિધા પણ નહોતી. ડ્રાઈવર રીયાઝખાન અજીમખાન પઠાણ ( ઉં.વ.28 ) અને ક્લીનર મુસાબાઇ મજ્જુબાઇ મકરાણી ( ઉં.વ. 31 ) બંને સેલંબા, જમાદાર ફળીયું, તા.સાગબારા, જી.નમદાના વતની છે. તેઓ પાસે બકરાંની હેરાફેરી માટે કોઈ પાસ-પરમિટ કે અધિકૃત પ્રમાણપત્ર નહોતું. પોલીસે 16 બકરાંની કુલ કિંમત રૂ.1,60,000 તથા ટેમ્પોની કિંમત રૂ.4,00,000 મળી કુલ રૂ.5,60,000 નો મુદ્દામાલ કબજે કરી ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

## વાગરામાં નીલગાય આડી ઊતરતાં બાઈકને અકસ્માત, 2 શ્રમિક ઘાયલ

**કે.પી.** સોલાર ગ્રુપના કામદારો વાગરા તરફ જઈ રહ્યા હતા ત્યારે અકસ્માત સર્જાયો

ભરૂચઃ વાગરા-વિછીયાદ માર્ગ પર અચાનક રસ્તા પર આવી ચડેલી નીલગાયને કારણે બે બાઈક સવાર શ્રમિકોને ગંભીર ઈજા પહોંચી છે. આ વિસ્તારમાં કાર્યરત કે.પી. સોલાર ગ્રુપના બે શ્રમિક પોતાની દૈનિક જરૂરિયાતો પૂરી કરવા માટે વાગરા તરફ બાઈક પર જઈ રહ્યા હતા. દરમિયાન કેનાલ નજીકના વિસ્તારમાં અચાનક સામે આવી ગયેલી નીલગાય સાથે બાઈક જોરદાર રીતે અથડાતાં અકસ્માત સર્જાયો હતો. જેનાથી બાઈક પર સવાર બંને શ્રમિક ફંગોળાઈને રસ્તા પર પછડાયા હતા. સ્થાનિક લોકોએ તાત્કાલિક દોડી આવી બંને ઈજાગ્રસ્તને ત્વરિત વાગરા સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખાતે સારવાર માટે પહોંચાડ્યા હતા. જો કે, પ્રાથમિક સારવાર બાદ 1 શ્રમિકની ગંભીર સ્થિતિને જોતા તેને વધુ સારવાર માટે ભરૂચ રિફર કરવામાં આવ્યો છે.

આ અકસ્માત બાદ સ્થાનિકોમાં ભારે રોષ અને ચિંતાની લાગણી જોવા મળી રહી છે. કારણ કે, વાગરા પંથકમાં રસ્તા પર રખડતાં ઢોરો, નીલગાયોનો ત્રાસ દિન-પ્રતિદિન વધી રહ્યો છે, જે હવે વાહનચાલકો માટે જીવનું જોખમ બની ગઈ છે. અગાઉ પણ અરગા નજીક આવી જ રીતે નીલગાયની અડફેટે એક આશાસ્પદ યુવકે પોતાનો જીવ ગુમાવ્યો હતો. વારંવાર બનતી આ પ્રકારની દુર્ઘટનાઓ અને વન્યજીવોના વધતા ત્રાસ છતાં તંત્ર દ્વારા કોઈ નક્કર પગલાં લેવામાં આવતાં ન હોવાથી ગ્રામજનોમાં ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે. જો સમયસર આ સમસ્યાનું કાયમી નિરાકરણ લાવવામાં નહીં આવે, તો આવનારા સમયમાં હજુ વધુ માસૂમ લોકોએ જીવ ગુમાવવાનો વારો આવી શકે છે તેવી ભીતિ છે.

## વાગરામાં ડમ્પરની બ્રેક ફેઈલ થતાં ત્રણ વાહનોનો કચ્ચરઘાણ

**ટેન્કર,** ઇકો કાર અને મોટરસાઇકલને અડફેટે લઇ ડમ્પર દુકાનોમાં ઘૂસી ગયું, સદનસીબે જાનહાનિ ટળી



ભરૂચઃ વાગરાની સૌથી વ્યસ્ત ગણાતી મુલેર ચોકડી ખાતે દહેજ ઉદ્યોગ નગરીથી આમોદ તરફ જઈ રહેલા એક ડમ્પરે અચાનક કાબૂ ગુમાવતાં ભરચક ટ્રાફિક વચ્ચે અફરાતફરી મચી હતી.

દહેજ તરફથી પૂરપાટ ઝડપે આવી રહેલા આ ડમ્પરની બ્રેક અચાનક ફેઈલ થઈ ગઈ હતી. જેના કારણે ચાલકે વાહન પરથી સંપૂર્ણ કાબૂ ગુમાવ્યો હતો. બેકાબૂ બનેલું ડમ્પર સીધું જ મુલેર ચોકડી પર ઊભેલાં વાહનોમાં ઘૂસી ગયું હતું અને ટેન્કર, કાર તથા બાઈક સહિત રસ્તા કિનારે આવેલી દુકાનોને અડફેટે લીધી હતી. ડમ્પરે સૌ પ્રથમ એક ટેન્કર અને ઈકો કારને જોરદાર ટક્કર મારી હતી અને ત્યારબાદ 1 મોટરસાઈકલને અડફેટે લેતાં બાઈકનો કચ્ચરઘાણ નીકળી ગયો હતો. ડમ્પરની ગતિ એટલી પ્રચંડ હતી કે તેણે રસ્તાની બાજુમાં આવેલી 1 કેબિનને પણ જોરદાર ટક્કર મારી નુકસાન પહોંચાડ્યું હતું. અકસ્માતનો પ્રચંડ અવાજ સાંભળી આસપાસના દુકાનદારો અને રાહદારીઓ પોતાનો જીવ બચાવવા માટે આમતેમ ભાગવા લાગ્યા હતા. ચોકડી જેવા ધમધમતા વિસ્તારમાં આ પ્રકારની ઘટના બનતાં લોકોમાં ભારે ભય અને ફફડાટ વ્યાપી ગયો હતો.

અકસ્માત બાદ તરત જ ઘટના સ્થળે લોકોનાં ટોળેટોળાં ઊમટી પડ્યાં હતાં. જો કે, આ ભયાનક અથડામણમાં સદનસીબે કોઈ જાનહાનિ થઈ નથી. જે મોટી રાહતની વાત છે. પ્રાથમિક તબક્કે ડમ્પરની બ્રેક ફેઈલ થઈ હોવાનું બહાર આવ્યું છે, પરંતુ સ્થાનિકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. આ મામલે વાગરા પોલીસને જાણ કરતાં પોલીસે સ્થળ પર પહોંચી ક્ષતિગ્રસ્ત વાહનોને માર્ગ પરથી હટાવી ટ્રાફિક સુવ્યવસ્થિત કરવાની કામગીરી હાથ ધરી હતી.

## ભરૂચના જૂના તવરા ગામે દીપડો દીવાલ કૂદતાં સીસીટીવીમાં કેદ



ભરૂચઃ ભરૂચ તાલુકાના જૂના તવરા ગામની સીમમાં દીપડો દેખા દેતાં ખેડૂતોમાં ફફડાટ ફેલાયો છે. આ ઘટના ત્યારે પ્રકાશમાં આવી જ્યારે એક ખેતરની ફરતે આવેલી દીવાલ કૂદતા દીપડાનાં દૃશ્યો સીસીટીવી કેમેરામાં કેદ થયાં હતાં. સીસીટીવી ફૂટેજમાં દીપડો અત્યંત સહેલાઈથી ઊંચી દીવાલ કૂદીને ખેતરમાં પ્રવેશતો સ્પષ્ટપણે જોઈ શકાય છે, જેને પગલે સ્થાનિક રહીશો અને ખેતમજૂરોમાં પોતાની સુરક્ષાને આ ઘટનાની જાણ વન વિભાગને કરવામાં આવી છે અને ગ્રામજનોએ આગ્રહ કર્યો છે કે વન વિભાગની ટીમ સત્વરે સ્થળની મુલાકાત લે અને દીપડાને પાંજરે પૂરવા માટેની કવાયત હાથ ધરે. જો આગામી 1થી 2 દિવસમાં યોગ્ય કાર્યવાહી કરવામાં નહીં આવે, તો ખેડૂતોમાં ઉગ્ર રોષ જોવા મળી શકે છે.

## વેલાછાના ગ્રામજનોએ પંચાયત ભવન નિર્માણનું કામ અટકાવ્યું

**એજન્સી** સ્થાનિકોને વિશ્વાસમાં લીધા વિના કામ કરતી હોવાનો સરપંચ સહિત લોકોનો આક્ષેપ



ઇબ્રાહીમ કાનુ

હથોડાઃ માંગરોળના વેલાછા ગામે સરકાર દ્વારા મંજૂર કરાયેલા નવી પંચાયત બિલ્ડિંગના કામમાં એજન્સીની મનમાની અને ભ્રષ્ટાચારની ફરિયાદ ઊઠી છે. રૂપિયા 25 લાખના ખર્ચે આકાર પામનાર આ ભવનમાં હલકી કક્ષાનું મટિરિયલ વપરાતું હોવાનો આક્ષેપ કરી સરપંચ અને જાગૃત નાગરિકોએ કામ અટકાવી દીધું છે. વેલાછાની જર્જરિત પંચાયત કચેરીને કારણે ગ્રામજનો લાંબા સમયથી હાલાકી ભોગવતા હતા. વર્તમાન પંચાયત બોડીના પ્રયાસોથી નવી બિલ્ડિંગ માટે ગ્રાન્ટ મંજૂર થતા ગામમાં ખુશીનો માહોલ હતો. જો કે, કામ શરૂ કરનાર એજન્સીએ પંચાયતને વિશ્વાસમાં લીધા વિના તદ્દન તકલાદી બાંધકામ શરૂ કર્યું હતું. જ્યારે જાગૃત નાગરિકોએ એસ્ટિમેટ કે વર્ક ઓર્ડરના કાગળો માંગ્યા, ત્યારે એજન્સી દ્વારા ઉડાઉ જવાબ આપી પોતાની મનમાની ચલાવવામાં આવી હતી. ભ્રષ્ટાચારની ગંધ આવતા જ સરપંચ અને ગ્રામજનોએ સ્થળ પર જઈ ભારે વિરોધ નોંધાવ્યો હતો અને ચાલુ કામ બંધ કરાવી દીધું હતું. આ બાબતે વેલાછા ગ્રામ પંચાયત દ્વારા સુરત કલેક્ટર, માંગરોળ મામલતદાર, ટીડીઓ અને કાર્યપાલક ઇજનેરને લેખિત રજૂઆત કરવામાં આવી છે.

ગ્રામજનોની માંગ છે કે આ એજન્સી પાસેથી કામ આંચકી લઈ કોઈ તટસ્થ એજન્સીને સોંપવામાં આવે. સાથે જ, જનતાના નાણાંનો દુરુપયોગ કરી છેતરપિંડી કરનાર એજન્સી સામે કડક કાર્યવાહી અને ગુનો દાખલ કરવામાં આવે તેવી પ્રબળ માંગ ઊઠી છે. આ ઘટનાને પગલે સમગ્ર તાલુકાના વહીવટી તંત્રમાં ભારે ખળભળાટ મચી ગયો છે.

### જો અધિકારીઓ પૂરતાં પગલાં નહીં ભરે તો કામ કરવા દેવાશે નહીંઃ સરપંચ અને ડેપ્યુટી સરપંચ

લોકોની સુખાકારી માટે બની રહેલા પંચાયત ભવનના નિર્માણમાં પણ ભ્રષ્ટાચાર કરી રહેલી એજન્સી સામે ગામના સરપંચ કનુભાઇ સોમાભાઈ રાઠોડ અને ડેપ્યુટી સરપંચે રોષ વ્યક્ત કર્યો હતો. તેમણે વાતચીતમાં જણાવ્યું હતું કે, કામ કરનાર એજન્સી વ્યવસ્થિત કામ કરવાને બદલે ગામના મોભીઓ તેમજ જાગૃત નાગરિકોને અવગણી રહી છે. હલકી કક્ષાનું મટિરિયલ વાપરીને જે નબળું કામ કરવામાં આવી રહ્યું છે, તે અમે ચલાવી લઈશું નહીં.

## કોસાડીમાં કોંગ્રેસ પ્રમુખની લીઝ પર ખાણ-ખનીજ વિભાગના દરોડા!

**૬ નાવડી** ઉપરાંત ૨૫ લાખ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કરાયો



સુરતઃ કડોદ અને કોસાડી ગામની સીમમાં તાપી નદીના તટ પર છેલ્લા એક મહિનાથી ચાલી રહેલા ગેરકાયદે રેતીખનનનો આખરે પર્દાફાશ થયો છે. ગામના જાગૃત યુવાનોની રજૂઆત બાદ ખાણ-ખનીજ વિભાગે કોસાડી તાપી તટે દરોડા પાડતાં સમગ્ર પંથકમાં ફફડાટ વ્યાપી ગયો છે. આ કૌભાંડમાં સ્થાનિક બારડોલી તાલુકા કોંગ્રેસ પ્રમુખ અનુપ વ્યાસ (રહે.,કડોદ)ની સંડોવણી અને અધિકારીઓની મિલીભગત હોવાના ગંભીર આક્ષેપો ઊઠ્યા છે.

પ્રાપ્ત વિગતો અનુસાર નદીના પટમાંથી રેતીની રોયલ્ટીની આડમાં ગેરકાયદે ગ્રાવલનું ખનન કરવામાં આવતું હતું. આશરે ૧૦થી ૧૨ જેટલી ટ્રકો પર શિવલહરી નામનો ખાસ કોડ લખવામાં આવ્યો હતો. આ કોડ જોઈને અધિકારીઓ ગાડી ચેક કરતાં ન હોવાનો આક્ષેપ જાગૃત નાગરિકોએ કર્યો છે. ઓવરલોડ ભરેલી આ ટ્રકો કોઈપણ રોયલ્ટી વગર પસાર થતી હતી, જે સીધું લાખો રૂપિયાનું સરકારી તિજોરીને નુકસાન પહોંચાડતું હતું. નિયમ મુજબ લીઝ પર હદ નિશાન અને વજનકાંટો હોવો ફરજિયાત છે, પરંતુ અહીં આવાં કોઈ પણ સાધનો વગર આડેધડ ખનન ચાલતું હતું. વધુમાં, નદીમાં ચાલતી નાવડીઓના એન્જિનના અવાજથી હાલ પરીક્ષા આપી રહેલા વિદ્યાર્થીઓ અને બીમાર વૃદ્ધો ભારે હાલાકી ભોગવી રહ્યા હતા.

ખનીજ અધિકારીના જણાવ્યા અનુસાર દીપક વ્યાસ, સ્વ.કાશ્મીરા વ્યાસ અને જ્યોતિ શુક્લના નામે ચાલતી આ લીઝનો ATR લાંબા સમયથી બંધ હોવા છતાં ખનીજ ચોરી ચાલુ હતી. દરોડા દરમિયાન ૬ નાવડી અને ૨૫ લાખ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે. જો કે, એવી પણ ચર્ચા છે કે સરકારી ગાડીના મેસેજ અગાઉથી મળી જતાં ઘણી ટ્રકો ભાગી છૂટવામાં સફળ રહી હતી. ગ્રામજનોની માંગ છે કે આ મસમોટા કૌભાંડમાં સંડોવાયેલા તમામ મળતિયાઓ સામે કડક કાર્યવાહી કરવામાં આવે. અત્રે ઉલ્લેખનીય છે કે, દિલીપસિંહ વાંસિયા અને એમના ભાગીદાર બીપીન પટેલની લીઝમાં પણ નાવડીઓ ચાલતી હતી. વાત એવી વહેતી થઈ હતી કે, અનુપ વ્યાસ અને એમની ટોળકી દ્વારા રાજકીય અધિકારીઓ પાસે ખનીજ અધિકારી પ્રવીણ ખાંભલા પર નાવડી જપ્તી લેવા બદલ દબાણ ઊભું કરવામાં આવ્યું હતું.

## બલેશ્વર પાટિયા પાસે મહિલાનું અકસ્માત મોત

પલસાણાઃ મૂળ ઉત્તર પ્રદેશના અને હાલ પલસાણાના કડોદરા ખાતે રહેતા રાજુ પ્રેમ હરીજનની પત્ની બિંદુબેન (ઉં.વ. 39) સોમવારે સવારે નોકરી પર જવા નીકળ્યા હતા. તેઓ બલેશ્વર ગામે કાલાઘોડા સામેના રોડ પરથી પગપાળા રસ્તો ઓળંગી રહ્યા હતા, ત્યારે પૂરઝડપે આવી રહેલા અજાણ્યા વાહને ટક્કર મારી હતી. આ અકસ્માતમાં વાહનનું ટાયર ફરી વળતાં મહિલાનું મોત થયું હતું.

## ઓલપાડમાં દુષ્કર્મ કેસમાં વોન્ટેડ આરોપી ઝડપાયો

સાયણઃ સુરત જિલ્લા એલ.સી.બી. પોલીસે છેલ્લાં ચાર વર્ષથી પોલીસને થાપ આપી રહેલા બળાત્કારના ગુનાના વોન્ટેડ આરોપીને ઝડપી પાડ્યો છે. ઓલપાડ પોલીસ મથકમાં વર્ષ-2022માં નોંધાયેલી ઈ.પી. કો. કલમ 376(2) અને 506(2) મુજબના ગુનામાં રતિલાલ ઉર્ફે રાજુ નાનુભાઇ નોંઘણવદરા નાસતો-ફરતો હતો. એલ.સી.બી.ની ટીમે પેટ્રોલિંગ દરમિયાન મળેલી ચોક્કસ બાતમીના આધારે ઉમરા ગામ ખાતેના રહેઠાણ બી-૩,૧૦૪, શિવ રેસિડેન્સીમાં દરોડો પાડી આરોપીને દબોચી લીધો હતો. પોલીસે કાર્યવાહી કરી આરોપીને ઓલપાડ પોલીસને સુપરત કર્યો છે.


Milano MULTIPLEX
બારડોલી
Dhurandhar
The Revenge
11:00am, 12:00pm,
01:00pm, 03:30pm,
04:30pm, 05:15pm,
08:00pm, 09:00pm,
09:30pm
Ph:- 02622-230068
*Movie schedule and timings are subject to change without any prior notice
સંપર્ક: 98791 33333


### વેચાણ અંગેની જાહેર નોટીસ

ગુજરાત રાજયનાં ડિસ્ટ્રીકટ **ભરૂચ** સબ ડિસ્ટ્રીકટ તાલુકા **અંકલેશ્વર** ના મોજે **મોતવાણ** ગામ ની જમીન કે જેનો **રે.સરવે નંબર : ૧૩૦, જુનો બ્લોક નંબર : ૨૧૭, જેનો રી. સર્વે બાદ બ્લોક નંબર ૪૦૭, ખાતા નંબર : ૪૬૩, ક્ષેત્રફળ હે.આરે. ૧–૫૯–૧૮ ચો.મી., આકાર રૂા. ૧૦.૨૦** વાળી જુની શરતની ખેતીલાયક ઉપયોગની જમીનનાં માલીક **કાન્તીભાઈ જીણાભાઈ મોણપરા**ની સ્વતંત્ર માલીકી, પ્રત્યક્ષ કબજા ભોગવટેદાર, વહીવટ હેઠળની તથા ચોખ્ખા અને માર્કેટેબલ ટાઈટ્લ વાળી હોવાનું જણાવી શાંત, ખાલી, પ્રત્યક્ષ કબજા સહીત તમામ હકકો સાથે અમારા અસીલશ્રીને કિંમતી વેચાણ અવેજ બદલ વેચાણ આપવાનું નકકી કરેલ છે જેથી સદરહું જમીનમાં કે તેના હિસ્સા ઉપર જો કોઈ વંશ, વાલી, વારસ, શખ્સ, બેન્ક, મંડળી, કંપની, સંસ્થા કે અન્ય કોઈનો કોઈ પણ પ્રકારનો લાગ, ભાગ, હકક, હિસ્સો, અધિકાર, લેણાં, બોજો, બાનાખત, ચીઠ્ઠી કે દર દાવો હોય યા સદર વેચાણ વ્યવહાર સામે કોઈને કોઈપણ પ્રકારનો વાંધો-વિરોધ હોય તો તેમણે આ નોટિસ પ્રસિદ્ધ થયેથી દીન-૭ માં તે અંગેના તમામ પુરાવાઓ સાથે નીચેના સરનામે રૂબરૂમાં લેખિત જાણ કરીને તે અંગેની ખાતરી કરાવી જવી જો તેમ કરવામાં કસુર યા વિલંબ થશે તો સદરહું જમીન ઉપર કોઈનો કોઈપણ પ્રકારનો લાગ-ભાગ, હકક, હિસ્સો, અધિકાર, બોજો કે દર દાવો છે નહી અને હોય તો તે જતા કરેલ છે તેમ સમજી મુદ્દત વીત્યે અમારા અસીલ, સદરહું જમીન વેચાણ રાખવા અંગેની કાયદેસરની તમામ કાર્યવાહી કરી-કરાવીને સદરહુ મિલકતના પાકા લખાણ/દસ્તાવેજ કરી-કરાવી લેશે અને ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તર-તકરાર ચાલશે નહી જેની લાગતા વળગતા તમામે ખાસ નોંધ લેવી. (તા. ૦૮/૦૪/૨૦૨૬)

**વિશાલ વી. વઘાસીયા** તે ખરીદનારના એડવોકેટ
ઓફિસ : ૧૦૧, પહેલો માળ, ઉમા કોમ્પલેક્ષ, નિલકંઠ રેસીડેન્સી સામે, કામરેજ ગામ રોડ, કામરેજ, સુરત-૩૯૪૧૮૦. મો.૯૮૭૯૮ ૨૩૨૭૭